

## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ગુણવંતભાઈ ધનજીભાઈ ગોહેલ
(૧૯૪૨) ફોન : ૨૩૨૨૪૬૫૬



બી.જે.જોષી
(૧૯૩૬) મો. ૯૯૨૪૩૩૫૮૨૨

# જુઠાણાની ભરમાર ઉભી કરતી સરકાર બદલીએ : કેશુભાઈ

## ગાંધીનગર ટાઉનહોલમાં પરિવર્તન પાર્ટીનું જિલ્લા કાર્યકર સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨


પ્રજા પાસેથી કરોડો રૂપિયા ટેક્ષના ઉઘરાવી અને ગુજરાતને મોટો આર્થિક ફટકો મારનાર સામે પ્રજાની આહ નીકળી છે જે સત્તા પરિવર્તન કરીને જ થંભશે તેમ પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલે આજે ગાંધીનગર ટાઉનહોલમાં કાર્યકર્તાઓને સંબોધતાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે વર્તમાન શાસનમાં સામાન્ય માનવીની કલ્પના વિસરાઈ ગઈ છે અને માત્ર ને માત્ર મેળાઓ અને ઉત્સવોના આયોજનો કરી પ્રજાને ગુમરાહ કરવાનું કામ કર્યું છે. પરિવર્તન પાર્ટીના અધ્યક્ષશ્રી કેશુબાપાએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તેમના શાસનમાં ૭ હજાર કરોડની આવક હતી જે આજે વધીને ૫૦ હજાર કરોડ થઈ પણ ગુજરાતમાં ગરીબોની સંખ્યામાં કેટલો વધારો થયો. પ્રજાના ખિસ્સા ખંખેરવા સિવાયનું કોઈ કામ આ સરકારે કર્યું નથી.

જુઠાણાઓની ભરમાર ચલાવી છે. તેમણે તળપદી ભાષામાં ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે ભુવો ધુણે ત્યારે કહે કે હું આકાશ બાંધુ, સમંદર બાંધુ, તારા બાંધુ, એમ બોલે ત્યારે પત્ની કહે આ આપણી ઝાંપલીનું પતરૂ રિપેર કરાવો એટલે બધુ બંધાશે.

રાજયમાં બેરોજગારોની સંખ્યા બમણી થઈ છે. નેનો લાવવા માટે દહેજમાં સસ્તી લોન આપી પ્રજા સાથે છેતરપીંડી કરવાનું પાપ આ સરકારે કર્યું છે. એટલું જ નહિ પણ ૮૦ટકા ગુજરાતી યુવકોને નોકરી આપવાની વાતમાંથી મુકિત આપતી શરત પણ સરકારે ગ્રાહ્ય રાખી છેતરપીંડીની ચરમસીમા વટાવી દીધી છે.

કેશુબાપાએ જણાવ્યું હતું કે શિક્ષણ આરોગ્ય સહિતના ક્ષેત્રોમાં ગુજરાતની પીછેહઠ થઈ છે. તેમણે કહ્યું કે મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને અપાતા નાસ્તાના વજનમાં ઘટાડો કર્યો. દિવસો ઘટાડયા કરકસરના નામે અને હવે કુપોષણ મિટાવવાના વાયદા કરતા ફરે છે.



તેમણે જણાવ્યું હતું કે ઈન્ફર્મેશન ટેકનોલોજી માટે દેશમાં પાર્ક બન્યા, ટાવરો બન્યા ત્યારે આપણે આખે આખું સીટી બનાવવાની કલ્પના કરી એક લાખ યુવાનોને રોજગારી આપવાનું આયોજન કર્યું હતું પણ આ સરકારે શું કર્યું? ૧૨ થી ૧૫ હજાર યુવાનોને જ રોજગારી પ્રાપ્ત થઈ શકી છે. નર્મદાનું કામ ખોરંભે પડી ગયું છે.

સદ્ભાવના ઉપવાસના નામે છેતરપીંડી કરી હોવાનું કહેતાં તેમણે કહ્યું કે ઉપવાસ ૧૧ થી ૫ ના કરવાના નાટકો મુખ્યમંત્રીએ કર્યા છે.

આ સભાને સંબોધતાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશ મહેતાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિકાસમાં અસમતુલા ઉભી થઈ છે. તેમણે જણાવ્યું હતું કે દસ વર્ષમાં રાજયના ૩૧૪ મહેસુલી ગામો ઉજડી જવા પામ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે રાજયના દેવામાં અસહ્ય વધારો કર્યા પછી વિકાસ કરવાની વાતો ગળે ઉતરતી નથી. રાજયમાં ગરીબોની સંખ્યામાં ૧૬ લાખનો ઉમેરો આ શાસનમાં થયો છે.

શ્રી મહેતાએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર સામે રાજય સરકાર જાહેરાતો કરી અન્યાયની વાત કહે તે સંઘ-રાજયની ભાવનાના મૂળમાં ઘા સમાન છે. વિઘટનની આવી વાતો સાંખી લેવાય નહિ. તેમણે જણાવ્યું હતું કે ગામડાને ગરીબ બનાવનાર સરકાર હરગીઝ ચાલી શકે નહિ.

આ પ્રસંગે પક્ષના યુવા અગ્રણી આદિત્ય મહેતાએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે સરકારે સંવેદના ગુમાવી છે. કુપોષણની મુકિત માટેની જે જાહેરાત કરી છે તેને ધ્યાને લઈએ તો ૫૦ પૈસા વ્યકિતદીઠ સરકારે ફાળવ્યા છે. શ્રી આદિત્ય મહેતાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં પ્રેમ, ભાઈચારો ધરાવતું શાસન પુનઃ પ્રસ્થાપિત કરવાની તક એળે ન જાય તે જોજો.

પ્રારંભમાં સુનિલ ત્રિવેદીએ સૌનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સંતો પણ હાજર રહ્યાં હતાં.

## સાહેબ દારૂપીધો છે તો શું થયું, તમે નથી પીતા

અમદાવાદ, તા. ૨૨

નવરંગપુરા પોલીસે ગત મોડી રાત્રીના સુમારે એક ચિક્કાર દારૂ પીધેલા કાર ચાલકને ઝડપી પાડ્યો હતો. ત્યારે દારૂ પીધેલા કારચાલકે ''સાહેબ દારૂ પીધો છે તો શું થયું, તમે નથી પીતા'' તેવો સવાલ પૂછતા પોલીસ ખુદ ચકરાવે ચઢી ગઈ હતી. જોકે અંતે પોલીસે તેની ધરપકડ કરી હતી. એક સ્વીફ્ટ કારના ચાલકને રોકતા તે ચિક્કાર દારૂ પીધેલો જણાઈ આવ્યો હતો. જેથી પોલીસે તેને દારૂ પીધો છે ચાલ બહાર આવીજા તેમ કહ્યું હતું.

## શિવસંકર દવે અમૃત મહોત્સવ આભિવાદન સમારોહ ૨૪મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શિવસંકર દવેના અમૃત મહોત્સવ પર્વે અભિવાદન સમારોહ અને 'જીવન સરિતા' પુસ્તકના લોકાર્પણ કાર્યક્રમ તા. ૨૪મી સપ્ટેમ્બરે સાંજે ચાર વાગે પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૨૮ ખાતે યોજવામાં આવેલ, સમારંભના અધ્યક્ષ અને ઉદ્ઘાટક અશોકભાઈ ભાવસાર, ચેરમેન, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, મુખ્ય મહેમાન પદે પી.કે. લહેરી, પૂર્વ મુખ્ય સચિવશ્રી, અતિથિ વિશેષ પદે ડૉ. ચંદ્રકાન્ત મહેતા, કૃષ્ણકાંત જહા, ડૉ. કેશુભાઈ દેસાઈ, કૈલાસ દીદી હાજર રહેનાર છે. સદવાંચન પરિવાર ગાંધીનગરના ડૉ. રશ્મીકાંત મહેતાએ જણાવેલ છે.




મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે દાહોદમાં વિરાટ યુવાશકિતનો સાક્ષાત્કાર કરાવતી વિવેકાનંદ યુવા પરિષદમાં આદિવાસી યુવા કિસાનોને આધુનિક ખેતીની સિંચાઈ માટેની સુવિધા આપવા નર્મદાના પૂરના વધારાના પાણીની વડોદરા-પંચમહાલ અને દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ૬૬૩ કી.મી.ની લાંબી પાઈપ લાઈન નાંખીને બે લાખ એકરમાં સિંચાઈની સુવિધા માટે રૂા.૩૩૨૫ કરોડનો મહત્વાકાંક્ષી સિંચાઈ પ્રોજેકટ મંજૂર કર્યો હોવાની જાહેરાત કરી હતી. મુખ્ય મંત્રીશ્રીએ બીજી બે મહત્વની જાહેરાતો કરતા જણાવ્યું કે મધ્ય ગુજરાતના આ આદિવાસીઓ અને તેમની યુવા શ્રમજીવી પેઢી બાંધકામનું પરંપરાગત કૌશલ્ય ધરાવે છે. આ આદિવાસી પરિવારો ગુજરાત ભરમાં મકાનો અને રસ્તાઓના બાંધકામ નિર્માણમાં રોજગારી મેળવે છે. તેમને આધુનિક બાંધકામ ટેકનોલોજીની કૌશલ્ય તાલીમ મળે તો તેમની આવકમાં વધારો થાય તે હેતુથી પંચમહાલ-દાહોદમાં આદિવાસી યુવાનો માટે બાંધકામ ટેકનોલોજીના કૌશલ્ય વર્ધનની તાલીમની સંસ્થા શરૂ કરાશે. આ ઉપરાંત રાજયમાં જૂદી જૂદી બાંધકામ સાઈટ ઉપર કામ કરતા આદિવાસી કુટુંબો માટે સાઈટ નજીક ટેમ્પરરી આવાસ કોલોનીઓની સુવિધા ઉભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જયાં આંગણવાડી અને મેડિકલ સારવાર સવલતો પણ ઉપલબ્ધ કરાશે.

## શબ્દાવલી - ૪૮૫૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ૯ | ■ | ૧૦ | | |
| | ■ | ૧૧ | | | | ■ | |
| ૧૨ | ૧૩ | | ■ | ■ | ■ | ૧૪ | |
| ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ | | ■ |
| ■ | ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | |
| ૨૪ | | | ■ | ૨૫ | | | |

**આડી ચાવી**

૧. હતાશા, નાઉમેદી (૩)
૪. જેનો કોઈ જવાબ નથી તેવું (૪)
૮. શ્રીરામ ચરિત્રનું નાટક ભજવાય તે (૪)
૧૦. નર્ક, જહન્નમ (૩)
૧૧. મનુષ્યમાં અધમ હોય તે (૪)
૧૨. બાધા, આખડી (૩)
૧૪. મહિનો (૨)
૧૫. પાણી, જળ (૨)
૧૬. ઉગ્ર જિજ્ઞાસા, ચટપટી (૪)
૧૮. ભૂલ, ચૂક (૩)
૨૦. કરિયાણું (૩)
૨૨. મીઠાઈના ચકતા, ચોરસ ટુકડા (૩)
૨૩. દાવ, મોકો (૨)
૨૪. કૃમિ, કરમીયા (૩)
૨૫. અભ્યાસ (૪)

**ઊભી ચાવી**

૧. અભિમાન વગરનૂ (૫)
૨. રઘુપતિ રાઘવ રાજા... (૨)
૩. શાલીન હોવું તે (૪)
૫. જન્મ (૩)
૬. ઉપવાર, સોમ-મંગળ-બુધ વગેરે (૨)
૭. ફાલતું, ઠીક (૪)
૯. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ મેચનો બેટ્સમેન (૨)
૧૩. સિંહ જેવો વીર પુરૂષ (૫)
૧૪. શરીર પર મસાજ કરે તે (૩)
૧૬. વાળ, વાયર (૨)
૧૭. વૈરાગી સ્ત્રી (૪)
૧૯. સેલ્યુટ, સલામી (૩)
૨૧. દૃષ્ટિ (૩)
૨૨. બોર્ડ પર લખતા... જોઈએ (૨)
૨૩. ફાયદો (૨)

**શબ્દાવલી ૪૮૪૯ના જવાબ**

**આડી ચાવી :-** (૧) મહેર (૩) લખશેરી (૬) હોમ (૭) ડંસ (૮) રામ (૯) બડીપજર (૧૧) રજકો (૧૨) કાતર (૧૪) વિસ્તાર (૧૫) જીત (૧૬) મરૂ (૧૭) વિમા (૧૮) વડારણ (૨૦) મોકાણ (૨૧) શકોરૂ

**ઊભી ચાવી :-** (૧) મહોર (૨) હેમ (૩) લસફ (૪) શરારત (૫) રીમ (૭૦ ડંડીકો (૯) બજર (૧૦) જકાત (૧૧) રસ્તા (૧૩) રમમાણ (૧૪) વિનવણી (૧૫) જીરૂ (૧૬) મણકો (૧૭) વિકાસ (૧૯) રશ

# મોબાઈલની દુકાનમાં પડોશના વેપારીએ જ હાથફેરો કર્યો !

## દહેગામ સ્થિત ગોમતી કોમ્પ્લેક્ષની દુકાનમાંથી ૮૪ નંગ મોબાઈલની ચોરી કરી હતી : કોમ્પ્લેક્ષના અન્ય વેપારીએ ડુપ્લીકેટ ચાવી બનાવી હતી : આરોપી આખરે ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૨

એલ.સી.બી. પોલીસે દહેગામમાં મોબાઈલની દુકાનમાં ચોરી કરનારા શખ્સને ઝડપી લીધો છે. બાતમીના આધારે પોલીસના હાથે ઝડપાયેલા શખ્સની પૂછતાછ દરમિયાન દહેગામના ગોમતી કોમ્પ્લેક્ષમાં સ્થિત મોબાઈલની દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. પોલીસે કુલ ૮૪ નંગ મોબાઈલ સહિત રૂ. ૧૧૧૬૪૫નો મુદ્દામાલ કબજે લીધો છે.

પ્રાપ્ય માહિતી અનુસાર જિલ્લામાં ઘરફોડ ચોરીના ગુન્હાઓ બનતા અટકાવવા એલ.સી.બી. પોલીસે શકમંદોની પૂછતાછ હાથ ધરી હતી. આ દરમિયાન દહેગામ નહેર ચોકડી પાસેથી બાઈક લઈને પસાર થતા શખ્સને પોલીસે બાતમીના આધારે ઝડપી લીધો હતો. દિવ્યાંગ ઉર્ફે ચીકુ રામાભાઈ સોલંકી નામના ઈસમ પાસેથી પોલીસને અલગ અલગ કંપનીના ૩૫ મોબાઈલ મળી આવ્યા હતા. ત્યારબાદ પોલીસે આરોપીની ઉંડાણપૂર્વક પૂછતાથ હાથ ધરતાં આરોપીએ દસ દિવસ અગાઉ દહેગામના ગોમતી કોમ્પ્લેક્ષમાં સ્થિત કરણ સેલ્સ નામની દુકાનનું તાળું ખોલી ૮૪ નંગ મોબાઈલ ફોનની ચોરી કરી હોવાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. અન્ય મોબાઈલ ફોન પણ ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં સંતાડયા હોવાની કબૂલાતના અંતે પોલીસે આરોપી પાસેથી ૮૪ નંગ મોબાઈલ અને બાઈક સહીત રૂ. ૧૧૬૪૫નો મુદામાલ કબજે લીધો છે. આરોપી પણ કોમ્પ્લેક્ષમાં મોબાઈલની દુકાન ધરાવતો હોવાની હકીકત પણ ધ્યાન આવી છે. નાણાંકીય અછતના લીધે તેણે પડોશીની દુકાનમાં જ હાથફેરો કર્યો હતો. દુકાનમાલિકની નજર ચૂકવીને આરોપીએ ડુપ્લીકેટ ચાવી બનાવી ચોરી કરી હોવાનું પણ પોલીસના ધ્યાને આવ્યું છે.

### સભા તોફાની બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રશ્નો આ સામાન્ય સભા માટે રજુ થયા છે. જેમાં પ્રમુખશ્રી માટે પંચાયતની પોતાની ગાડી ખરીદવાનો જુનો મુદ્દો વિપક્ષ દ્વારા ઉખેળવામાં આવ્યો છે.

આમ તો આ મુદ્દે છેલ્લી ચાર જેટલી સામાન્ય સભામાં ચર્ચાઓ થી છે. પણ તે અંગે જવાબો આપી નિર્ણય ટાળવાનું સત્તાધારી પક્ષને કોઠે પડી ગયાનું જણાવતાં વિપક્ષે આ મુદ્દે આ સામાન્ય સભામાં નિર્ણય લેવડાવવાની વ્યુહરચના તૈયાર કરી છે.

સામાન્ય સભાની પ્રશ્નોત્તરીમાં આ વખતે કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા અને બાંધકામ સમિતિના ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડે પણ પ્રશ્નો રજુ કરતાં રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

આ ઉપરાંત ભાજપના ગુણવંતસિંહ ચાવડાએ પણ તલાટીઓની બદલી સહિતના કેટલાક મહત્વના પ્રશ્નો રજુ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પંચાયતની આ સામાન્ય સભામાં કોઈ ખાસ મહત્વના મુદ્દા નથી પરંતુ પ્રશ્નોત્તરીને લઈ રાજકીય ઉત્તેજનાઓ સવાર થયેલી છે. આ પ્રશ્નોત્તરીમાં વાહકજન્ય રોગચાળાનો મુદ્દો ચમકશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રશ્નોત્તરીમાં રેતી-કાંકરીની ગ્રાન્ટ, 'ડી' ટેન્ડરના મુદ્દા સહિત કેટલાક મુદ્દાઓ પર કોંગ્રેસની આંતરિક અટપટો બહાર આવે તેવી શક્યતાઓ રહેલી છે.

જો કે કોંગ્રેસ પક્ષ આ બેઠક શાંત વાતાવરણમાં સંપન્ન થશે તેવો વિશ્વાસ ધરાવે છે. જ્યારે ભાજપ આ વખતે સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાની એક પણ તક ગુમાવવાના મૂડમાં નથી.

### પોસ્ટર વોર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ કોંગ્રેસનો કાતીલ પંજો... નામે કેન્દ્ર સરકારના વિરોધમાં પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. ગુલાબી ગૌમાંસની નિકાસ વધારવા ગૌવંશની કતલ માટેના આધુનિક કતલખાના બનાવવા કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકાર કરોડોની સબસીડી આપે છે... આ પોસ્ટરમાં ભાજપનું નામ છે. નીચે લખાયું છે કે અબોલ ગાયોની કતલ કરનાર કાતિલ પંજાને ઓળખો... જીવદયા પ્રેમીઓ જાગો.

ચૂંટણીની તારીખ જાહેર થયા પહેલાં આ પોસ્ટરયુદ્ધ ક્યાં જઈ અટકશે તે કોઈ નેતા કહી શકતો નથી. પોસ્ટર્સ કોણ લગાવે છે તેની ખાનગી રાહે તપાસ કરવામાં આવે છે પરંતુ પગલાં લઈ શકાતા નથી. સંજય જોષીના કેસમાં પણ તપાસ શરૂ થઈ હતી. પોલીસે પોસ્ટર લગાવનાર વ્યક્તિઓને પકડીને છોડી દીધાં હતા.

બન્ને પાર્ટીઓના વિરોધમાં પોસ્ટરો લગાડીને આક્રમક પ્રચારની શરૂઆત તો કરી દેવામાં આવી છે પરંતુ ભારતના ચૂંટણી પંચની આચારસંહિતા આવી ગયા બાદ આ પ્રવૃત્તિ કન્ટ્રોલમાં આવી શકે છે.

### ડેન્ગ્યુના કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને આ માટે મેલેરિયા વિરોધી કામગીરીને વધુ સઘન બનાવવા માટેની સૂચનાઓ પણ તંત્રને આપી દેવામાં આવી છે.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં બંધ સરકારી મકાનો અને ધાબાઓ પર વરસાદી પાણીનો સંગ્રહ થતો હોવાની બાબતને લઈ તેની કામગીરી તંત્રએ વધુ સઘન બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે મેલેરિયાના કેસોમાં વધારો જોવા મળ્યો છે જયારે ડેન્ગ્યુના કેસોમાં ગત વર્ષ જેટલી જ સરેરાશ હજુ જોવા મળી રહી હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI
T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક સિમેન્ટ
એન્જિનિયરની પસંદગી
સ્ટોકિસ્ટ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ